**રે.દિવાની મુકદમાં નંબર. ૨૦/૨૦૨૧**

**આંક–૫ ની અરજી લગત હુકમ**

(૧) વાદીપક્ષે દાવા અરજ સાથે હાલની આ અરજી સી.પી.સી ઓર્ડર ૩૯ રૂલ (૧),(૨) તથા કલમ ૧૫૧ અન્વયે દાવા દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે. પ્રતિવાદીઓને દાવા સમન્સ તથા હાલની અરજીની નોટીસ કાઢતા તે પ્રતિવાદીઓને બજવણી થતા પ્રતિવાદીઓ વકીલ મારફતે હાજર થયેલ અને પ્રતિવાદી નં.૧ થી ૧૪ નાઓએ લેખિત જવાબ રજુ કરેલ ન હોય તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. આ બાદ હાલની અરજી પરત્વે વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળી. પ્રતિવાદીપક્ષ દલીલ માટે હાજર રહેલ નથી.

(૨) વાદીપક્ષે આંક– ૨૮ થી લેખિત જવાબ, દલીલો રજુ કરેલ છે. જેમાં દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

(૩) પ્રતિવાદીપક્ષે દલીલ માટે કોઇ હાજર રહેલ નથી અને દલીલ કરેલ નથી.

(૪) પક્ષકારોના પક્ષનિવેદન, અરજી તથા પક્ષકારોના વિ.વશ્રીની મૌખિક દલીલ અને રેકર્ડ પર રજુ દસ્તાવેજોની વિગત ધ્યાને લેતા, હાલની અરજીના ન્યાયીક નિર્ણય હેતુ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા અદાલત ઉપસ્થીત થયેલ છે.

૧. શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાનું પુરવાર કરે છે?

૨. શું વાદી સાબીત કરે છે કે સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરુધ્ધમાં કામ કરે છે ?

૩. શું વાદીની માંગણી મુજબનો મનાઇ આપવામાં ન આવે તો તેને નાણામાં ન ભરપાઇ થઇ શકે તેવું અમાપ નુકસાન થવાની સંભાવના છે?

૪. શું હુકમ ?

(૫) વાદીની દાવા અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવા અને લેખિત ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે વાદીનો હાલનો દાવો તે દાવાવાળી મિલકતમાં વાદીની માતાનો વણ વહેંચાયેલો હિસ્સો હોવાનું ઠરાવી હિસ્સો અલગ કરી આપવા હાલનો દાવો કરેલ છે. વાદીની દાવા અરજી મુજબ દાવાવાળી મિલકત તે વાદીની માતા ડાહીબેન તે રતન ભુવનની પુત્રી થાય છે અને સ્વ.ડાહીબેનના પિતા સ્વ.રતનભાઇ ભવનભાઇ પટેલ સરપોર, તા.જી.નવસારી મુકામે રહેતા આવેલા હતા અને તા.

૨૨/૦૯/૧૯૫૪ ના રોજ અવસાન પામેલા હતા. સ્વ.રતનભાઇના અવસાન બાદ ઉપરોકત દાવાવાળી મિલકત ગામ નમૂના નંબર ૬ હકકપત્રક નોંધ નં. ૬૪૪ થી તા. ૧૭/૧/૧૯૫૫ ના રોજ રેવન્યુ દફતરે દાખલ થયેલ અને સદરહું નોંધ મુજબ સ્વ.રતનભાઇ ભવનભાઇના પુત્રો તેમજ સ્વ.ડાહીબેન રતનભાઇ (૧) પરભુભાઇ રતનભાઇ (૨) કેશવભાઇ રતનભાઇ (૩) પ્રેમાભાઇ રતનભાઇ ના નામો દાખલ થયેલા હતા. જયારે કે વાદીની માતા ડાહીબેન રતનભાઇનું નામ દાખલ કરવામાં આવેલ ન હતું. વધુમાં વાદીની દાવા અરજીમાં જણાવેલ છે કે ઉપરોકત સને ૧૯૫૫ માં દાખલ થયેલ વારસાઇ નોંધમાં ડાહીબેન રતનભાઇ નામની હકીકત છુપાવવામાં આવેલ હતી અને ગેરરીતિ કરી હકીકત છુપાવીને ડાહીબેનનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થવા દીધું ન હતું. વધુમાં જણાવે છે કે પ્રતિવાદી નં.૧ થી ૧૧ નાઓ અને પ્રતિવાદી નં. ૧૨ નાઓના મેળાપીપણામાં દાવાવાળી મિલકત પૈકીની બ્લોક સર્વે નં. ૫૨૭ વાળી ખેતીની જમીન રજી.વેચાણ દસ્તાવેજ નં. ૫૨૧૯/૨૦૧૯ થી તા. ૦૧/૦૮/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી નં. ૧ થી ૧૧ ના ઓએ કુલમુખત્યાર દ્વારા વેચાણ કરી દીધેલ છે. વાદીપક્ષે રજુ દસ્તાવેજી પુરાવો કહેવાતી નોંધ નં. ૬૪૪ નિશાની ૩/૧૨ થી રજુ છે. સદરહું નોંધ સને ૧૯૫૫ ના રોજ દાખલ થયેલ છે. સદરહું નોંધ આજે પણ રેવન્યુ રેકર્ડમાં અસ્તિત્વમાં છે. વાદીના દાવા મુજબ ખોટી રીતે પડાવેલ છે પરંતુ વાદીએ ઉપરોકત નોંધ સામે સંબંધિત રેવન્યુ ઓથોરીટી સમક્ષ કોઇ વાંધો તકરાર લીધેલ હોય તેવી કોઇ વિગત કે દસ્તાવેજ રજુ નથી. વધુમાં વાદીની દાવા અરજી મુજબ વાદીની માતાનું વારસાઇ હકક સને ૧૯૫૫ માં ગેરકાયદેસર રીતે દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમાંથી કાઢી નાંખેલ હતી પરંતુ વાદીની માતા દ્વારા કયારે પણ ભૂતકાળમાં કોઇ તકરાર કે વિવાદ લીધેલ હોય તેવું રજુ નથી. વાદીની દાવા અરજીમાં વાદીની માતા ડાહીબેનના અવસાન અંગે કોઇ તથ્ય હકીકત, વિગત રજુ નથી. સને ૧૯૫૫ માં કહેવાતી નોંધ દાખલ થયેલ ત્યારે વાદીની માતા હયાત હતા કે કેમ તે અંગે પણ કોઇ વિગત કે સ્પષ્ટતા નથી. વાદીપક્ષે નિશાની ૩/૧ થી ૩/૧૨ સુધીના દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડની વિગતો ધ્યાને લેતાં પ્રતિવાદીઓ ના નામ રેવન્યુ રેકર્ડ ઉપર માલિકી કબજો હકક ચાલી આવેલ છે. વાદીઓનું તે તેમની માતાનું વારસાઇ હકક સામેલ થયેલ હોય તેવી કોઇ તથ્ય હકીકત રજુ નથી. વાદી ૭૦ વર્ષ બાદ હાલનો આ દાવો લાવી તેઓની માતાના હકક અધિકાર હોવાની માંગણી કરે છે ત્યારે વાદીનો આ પ્રથમદર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમજ ઈરીપેરેબલ લોસ પણ વાદીના

તરફેણમાં હોય શકે નહી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે દલપરકુમાર વિ. પ્રહલાદસિંગના કેસના રીપોર્ટેડ AIR 1993(S.C) 276 ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાત ધ્યાને લેતા તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે દાવા દરમ્યાન મનાઇ હુકમ મેળવવા તે અરજીના અરજદારે મહત્વના ત્રણ તત્વો જેવા કે તેનો તે પ્રથમદર્શનીય કેસ છે, સગવડતા અગવડતા તેના તરફેણમાં છે તેમજ તેને નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જવાની સંભાવના છે. જો આ ત્રણ તત્વમાંથી એક પણ સાબીત ન થાયતો દાવા દરમ્યાન મનાઇ હુકમ મેળવવા તે હકકદાર નથી. હાલનો વાદીનો દાવો જ જયારે પ્રથમદર્શની હોવાનું પુરવાર થયેલ નથી ત્યારે સગવડતા અગવડતાની સંતુલાતા વાદીની તરફેણમાં હોવાનુ માની શકાય નહી ઉપરાતં વાદી પોતાને થયેલ નુકસાન કાયદા મુજબ મેળવી શકે તેમ છે ત્યારે તેને નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જવાની સંભાવના માની શકાય નહી. આમ મુદા નં.૧ થી ૩ અંગે આ અદાલતનો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) આથી વાદીપક્ષની આ અરજી નામંજુર કરવામા આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે હાલ ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

**હુકમ આજ તારીખ ૬ ડીસેમ્બર ૨૦૨૪ ને શુક્રવારના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

તારીખ–૦૬/૧૨/૨૦૨૪
નવસારી.

**(કૌશિકકુમાર દેસાઇભાઇ પટેલ)**
મુખ્ય સિનિયર સિવિલ જજ, નવસારી
કોડ નંબર–GJ01093